દંભ એ પાપે પુણ્યને આપેલી અંજલિ છે
- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૧ | ૨૨ નવેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી

## ૨ લાખ ૨૦ હજાર બાળકોની તપાસ થશે : હાજીપુરથી કાર્યક્રમનો શુભારંભ થશે : આરોગ્ય સપ્તાહની ઉજવણી થશે તેમજ આરોગ્ય ચકાસણીનો વ્યાપ વિસ્તૃત કરવામાં આવ્યો છે

ગાંધીનગર, તા. ૨૧

આજથી જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણીની સાથે આરોગ્ય સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો છે. શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો શુભારંભ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના હસ્તે ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર, કારોબારી સમિતિના ચેરમેન શ્રી રામાજી ઠાકોર તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાનની ઉપસ્થિતિમાં હાજીપુર ખાતેથી કરાવશે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે જિલ્લાની ૬૮૩ પ્રા. શાળા, ૧૯૪ મા. શાળા તથા ૧૦૪૮ આંગણવાડી કેન્દ્રોના ૨,૨૦,૧૫૧ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ માટે ૬૦ જેટલી ટીમો તબીબી અધિકારીઓની બનાવાઈ છે. સાત હજારથી વધુ કર્મચારીઓ આ કાર્યક્રમમાં તેમની સેવાઓ આપશે.

ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં શાળાએ ન જતાં ૧૬ વર્ષ સુધીના બાળકોની પણ ચકાસણી કરવામાં આવનાર છે. જિલ્લામાં શાળાએ ના જતાં બાળકોની સંખ્યા ૨૨૫૯ જેટલી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૬

● અનુસંધાન પાન-૭ પર

## મનપા દ્વારા શાળા-આરોગ્ય ચકાસણી કડી કેમ્પસના હોલથી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૧

શાળા આરોગ્ય-રાષ્ટ્રીયબાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ તા. ૨૨-૧૧-૨૦૧૩ થી શરૂ થનાર છે. જે અંતર્ગત જન્મથી ૬ વર્ષના, ધો. ૧ થી ૧૨ સુધીના અને આંગણવાડી કે શાળાએ ન જતાં ૧૪ વર્ષના તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સારવાર કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨-૧૧-૨૦૧૩ના રોજ કડી કેમ્પસ સેક્ટર-૨૩ના શ્રી બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ ખાતે સવાર ૧૦.૦૦ કલાકે મેયરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકાના અધ્યક્ષસ્થાને ઉદ્દ્ઘાટન પ્રસંગમાં ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી આશિષ દવે, કમિશ્નરશ્રી મહાનગરપાલિકા અને શ્રી મનુભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૫૪ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જેમાં ૮૨ સરકારી સંસ્થાઓ અને ૭૨ પ્રાઈવેટ શાળાઓ છે. શાળાએ જતાં અને શાળાએ ન જતાં કુલ અંદાજે ૬૦,૦૦૦ બાળકોની આરોગ્ય ચકાસણી અને સારવાર આગામી બે મહિનામાં કરવામાં આવશે. જેનાં માટે આરોગ્ય શાખા ગાંધીનગર દ્વારા કુલ બાર ટીમોની રચના કરવામાં આવેલ છે. જે તમામ ટીમમાં એક તબીબી અધિકારી, ફાર્માસીસ્ટ, બે સ્ટાફ નર્સ

● અનુસંધાન પાન-૭ પર



સંધ્યાનું સૌંદર્ય - સૂર્યાસ્ત સમયે સર્જાતું અનોખુ સૌંદર્ય માણવાનો મહિમા છે... સૌંદર્ય માણવાની દૃષ્ટિ કેળવાય તો સૂર્યની આસપાસ ફરતી પૃથ્વી પોતાની ધરી ઉપર પણ ફરે છે... અને જ્યારે પૃથ્વી ઉપર સૂર્ય દેખાતો બંધ થાય એ ભૌગોલિક ઘટનાને આપણી સંસ્કૃતિએ 'સંધ્યા' નામ આપ્યું છે... સાંસ્કૃતિક અને કર્મકાંડના શાસ્ત્રમાં સંધ્યાનો અનોખો મહિમા છે... સંધ્યા પૂજા કરવાથી આધ્યાત્મિક માહોલ અને આધ્યાત્મિક ચેતના પ્રસરે છે... સંધ્યા સમયે આકાશમાં સર્જાતા દૃશ્યો ચિરસ્મરણીય હોય છે... સૂર્ય દેખાતો બંધ થતો હોય, લાલઘુમ વાદળોથી ઘેરાયેલું વાતાવરણ, પક્ષીઓનો માળામાં પાછા ફરવાનો કલરવ અને સમગ્ર સૃષ્ટિ એક નિરાંતની પળો તરફ ગમન કરતી હોય એવી ક્ષણોને આપણે સંધ્યા તરીકે પૂજીએ છીએ... આવા સંધ્યાના સૌંદર્યને માણવાનો એક અનેરો લ્હાવો છે....
(તસવીર : દિપક જાની)

## બાસમતી ચોખાનો ભાવ સો રૂપિયા

### ચોખા ભરવાની નવી સિઝનની શરૂઆત : કિલોએ રૂ. ૨ થી ૫નો વધારો : પંજાબ-હરિયાણાના ચોખા બજારોમાં ઠલવાયા

ગાંધીનગર, તા. ૨૧

ડાંગરનું પુષ્કળ વાવેતર છતાં ચોખાની નવી સિઝન ખુલતા ભાવ ઉંચા રહ્યા છે. ખાસ કરીને પ્રિમિયમ બ્રાન્ડ ગણાતા બાસમતી ચોખાનો ભાવ રૂ. ૧૦૦ જેટલો ઉંચો રહ્યો છે.



બજારોમાં હાલ ગુજરાત, પંજાબ, હરિયાણાના ચોખાની આવકોનો પ્રારંભ થઈ ચુક્યો છે. ચોખાની સિઝનનો પ્રારંભ નવેમ્બર માસથી થતો હોય છે અને જાન્યુઆરી માસ સુધી તેની સિઝન ગણાય છે. જીરાસર ચોખાનો ભાવ ગયા વર્ષે રૂ. ૩૨ થી ૩૪નો હતો જે આ વર્ષે વધીને રૂ. ૩૭ થી ૩૯નો થયો છે. તો બાસમતી ચોખા મિડીયમનો ભાવ ગયા વર્ષે રૂ. ૪૨ થી ૪૩નો હતો તે આ વર્ષે વધીને રૂ. ૭૫ થી ૮૦ થયો છે. તો વળી પરિમલ મિડીયમ ચોખામાં પણ ભાવ વધારો નોંધાયો છે. એક કિલોનો ભાવ ગયા વર્ષે રૂ. ૨૩ થી ૨૪ હતો. આ વર્ષે તે વધીને રૂ. ૨૫ થી ૨૭નો થયો છે. જુના બાસમતી ચોખા મિડીયમનો ભાવ આ વર્ષે એક કિલોના રૂ. ૫૦ થી ૫૫ છે. જ્યારે સારી ક્વોલીટીના રૂ. ૬૫ થી ૭૫ અને એ-ગ્રેડના બાસમતી ચોખાનો ભાવ રૂ. ૯૫ થી ૧૨૦ જોવા મળી રહ્યો છે. હાલમાં પંજાબ, હરિયાણા અને સ્થાનિક વિસ્તારોમાંથી આવકો થઈ રહી છે. ડિસેમ્બર માસથી આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રથી આવકો શરૂ થશે. ટ્રાન્સપોર્ટેશન સહિતના ખર્ચાઓમાં વધારો થતા ભાવવધારો જોવા મળી રહ્યો છે. ઉંચા ભાવો ખુલતા હાલમાં ઘરાકી ઓછી જોવા મળી રહી છે. ગ્રાહકો હાલમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

## સંસદસભ્યો-ધારાસભ્યોના સંદર્ભ પત્રોનો ઝડપી નિકાલ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા.૨૧

સાંસદ સભ્યો અને ધારાસભ્યોના સંદર્ભ પત્રોનો સમયસર નિકાલ કરવા અને પ્રત્યુત્તર પાઠવવા માટે વિભાગોને કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદસભ્યો અને ધારાસભ્યો એ જનપ્રતિનિધિ છે અને તેથી સંસદસભ્યો ધારાસભ્યો તેમના વિસ્તારના પ્રજાને લગતા પ્રશ્નો અંગે જે તે સંબંધીત વિભાગોને (ભલામણ) સંદર્ભ પત્રો લખતા હોય છે.

વિભાગો દ્વારા એમ.પી.એમ.એલ.એ. દ્વારા લખવામાં આવતા આવા સંદર્ભ પત્રોનો સમયસર નિકાલ કરવા માટેની વિભાગોને અનેકવાર સૂચનાઓ આપવામાં આવતી હોય છે. આમ છતાં કેટલાક વિભાગો દ્વારા સમયસર આવા પત્રોનો નિકાલ કરવામાં આવતો ન હોઈ આવા પત્રો પડતર પડી રહે છે.

**ધારાસભ્યોના ૩૦૮ જેટલા સંદર્ભ પત્રો પડતર**

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ધારાસભ્યો અને સંસદ સભ્યોના પડતર પ્રશ્નો અંગે એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ સમીક્ષા દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૧૩ અંતિત સંસદસભ્યોના ૪૨ અને ધારાસભ્યના ૩૦૮ જેટલા સંદર્ભ પત્રો પડતર છે. આ પડતર પત્રો પૈકી સૌથી વધુ પત્ર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં પડતર છે.

સંસદસભ્યો અને ધારાસભ્યોના આટલી સંખ્યામાં પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને આવા પડતર પત્રો અંગે વિભાગના સચિવ કક્ષાએ પડતર પત્રોની સમીક્ષા કરીને શક્ય હોય તેટલી ત્વરાએ પ્રત્યુત્તર પાઠવવા માટેની સૂચના આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

જૈન સોશ્યલ ગ્રૃપ, ગાંધીનગર દ્વારા
નૂતનવર્ષનું નવું નજરાણું
ગાંધીનગરની તમામ સામાજીક / સાંસ્કૃતિક / સેવાભાવી સંસ્થાઓના હોદ્દેદારો / પ્રતિનિધિઓ સાથે નૂતનવર્ષ સ્નેહમિલન
તારીખ :- ૨૪-૧૧-૨૦૧૩, રવિવારે,
સમય :- સવારે ૯:૧૫ થી ૧૧:૩૦ કલાકે
સ્થળ :- ટાઉનહોલ, ગાંધીનગર
સ્નેહમિલન ઉપરાંત
ગુજરાતના જાણીતા લેખિકા કાજલ ઓઝા વૈદ્ય નું
"નવો વિચાર - નવી આશા"
વિષય ઉપર મનનીય પ્રવચન
કાર્યક્રમનો મુખ્ય હેતુ
જૈન સોશ્યલ ગ્રૃપ, ગાંધીનગર - નગરની ઉપરોક્ત તમામ સંસ્થાની પ્રવૃતિઓની માહિતી એકત્ર કરી, બુકલેટનાં ફોર્મમાં પ્રસિધ્ધ કરવા માંગે છે માટે દરેક સંસ્થા પોતાની માહિતી લઈને કાર્યક્રમમાં પધારે તેવી વિનંતી
સંપર્ક : આર.ડી.ગાંધી, પ્રમુખ,
જૈન સોશ્યલ ગ્રૃપ, ગાંધીનગર મો. નં. ૯૯૨૪૧ ૨૩૧૬૪

ENGLISH...ENGLISH...ENGLISH...ENGLISH...ENGLISH...ENGLISH...ENGLISH...
ગેરંટીથી અંગ્રેજી શીખો
કોઈપણ સરકારી નોકરી માટે સરળ નિયમો સાથે પાયાથી અંગ્રેજી વ્યાકરણની તૈયારી કરાવવાની ખાત્રી
બેચ શરૂ : તા.૨૮-૧૧-૨૦૧૩ થી સાંજે ૭.૦૦ થી ૯.૦૦

MEGHA VYAS
(M.A., B.Ed. Eng.)
English Grammer
(૧૭ વર્ષનો બહોળો અનુભવ)
DHYAN CLASSES
(૧૯૯૬ થી કાર્યરત)
અંકુર એપાર્ટમેન્ટ, શોપીંગ સેન્ટર, વાવોલ.
84010 33043, 93761 44341

WORLD BIG Cinemas


R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Gori Tere Pyar Mein (U/A) - 9.00 am, 12.15 & 6.45 pm
Singh Saab The Great (U/A) - 10.00 am, 3.30 & 10.00 pm
Ram Leela (U/A) - 1.00, 4.00, 7.00 & 10.15 pm *schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

આપના આંગણે આવેલા
અવસરને
અમે યાદગાર બનાવીશું...
WE CAPTURE Feelings
Video - Photo
vivify
Vision Video Films Production
Available Services :
- SD/HD Live Setup
- Zimi 35 Ft.
- Full HD Camera Setup
- L.E.D. Wall Screen
- Web Live Telecast through Internet
- Plazma TV / Projector Screen
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Sargasan Cross Road, Hadmatiya, Gandhinagar.
Mo. 98248 28169
E-mail : vivifyfilms@gmail.com | website : www.vivifyfilms.com